Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# ગુજરાતી લોકસાહિત્યના વિવિધ ગદ્ય સ્વરૂપોનો માર્મિક અભ્યાસ

## પટેલ જીતેન્દ્રકુમાર મંગળાજી

ગામ-દંતોડ,તાલુકો-વિજયનગર, જિલ્લો-સાબરકાંઠા,પીન-૩૮૩૪૬૨

ફોન-૯૪૨૭૬૯૭૬૩૭

લોકસાહિત્ય એ લોકહૃદયની વાણી છે. પરંપરાથી સર્જાતા આવતા લોકસાહિત્યના મૂળ ઘણા ઊંડા છે. લોકસાહિત્યમાં વ્યક્તિના સુખ-દુ:ખ હૃદયની ભાવનાઓ, લાગણીઓ આનંદ-ઉલ્લાસનું સહજ નિરુપણ હોય છે. જે તે સમાજની કે જાતિની બોલીમાં નિરૂપણ એ લોકસાહિત્યની લાક્ષણિકતા છે.કંઠોપકંઠ પરંપરામાં સચવાયેલ આ સાહિત્યને મેઘાણીએ જાણવાણી સાથે સરખાવ્યું છે.

ભાષા-બોલીનો ઉપયોગ કરતી દુનિયાની બધી પ્રજાઓને પોતપોતાનું લોકસાહિત્ય હોય છે. ગુજરાતી લોકસાહિત્યની પરંપરા વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ છે. ગુજરાતી લોકકથાઓનાં મૂળ ભારતીય તેમજ વિદેશી કથા સાહિત્યમાં હોવાનું વિદ્વાનોએ દર્શાવ્યું છે. આ લોકસાહિત્ય ધર્મ અને સમાજની છત્રછાયામાં સતત પાંઘરતું અને પરિવર્તન પામતું, વિસ્તરતું અને વિકાસ પામતું રહ્યું છે. કોશિયાનાં, ટીપ્પણી કરનારાંનાં, ઘાંચીનાં, ખેડૂતોનાં, દરિયાખેડુઓનાં અને ગોવાળનાં- એમ અનેક શ્રમજીવીઓએ શ્રમ કરતાં કરતાં ગાયેલા ગીતો આ સાહિત્યમાં મળે છે. વળી વ્રત, ઉપવાસ,લગ્ન,તહેવાર, જાઘરણ, જાગ-પૂજા વઘરે સાથે સંકળાયેલું લોકસાહિત્ય પણ મળે છે. રામ, કૃષ્ણ વઘરેની ભકિત સાથેનું સાહિત્ય છે. ભજનોમાં પ્રભાતિયાં, સંધ્યા, આરતી, આરાધના, આગમ, સ્તવન, પ્યાલા,

આંબો, બારમાસી, રામગરી, ધોળ, ચાબખા, કાફી, કટારી જેવાં અનેક પ્રકારો મળી આવે છે. કૃષ્ણભકિત અને શકિતભકિત સાથે ઘરબી, ઘરબા, રાસ, રાસડા, તાલીરાસ, લકુટારાસ, હીંચ, હમચી વગેરે ગેય પ્રકારો સીધા લોકનૃત્યો સાથે સંકળાયેલા છે. ગુજરાતમાં નવરાત્રિના નવ દિવસોએ ચોરે ચોરે ગરબા-રાસની રમઝટ ચાલે છે. લોકસાહિત્યમાં જેટલો પદ્ય સાહિત્ય પ્રકાર પ્રચલિત છે, અને તેના સાહિત્ય પ્રકારો પ્રચલિત છે તેટલોજ ગદ્યસાહિત્ય અને ગદ્યસાહિત્ય પ્રકારો પ્રચલિત છે.

અહી ગદ્યસાહિત્યના કેટલાક સહીત્યપ્રકારોનો અભ્યાસ કરવામાં આવેલ છે. અને લોકસાહિત્યમાં તેનું મહત્વ અને લોકોના હ્રદયમાં તેનું સ્થાન આજે પણ મહત્વનું બની રહેલું છે તેનો માર્મિક અભ્યાસ કરવામાં આવેલ છે.

લોકસાહિત્યમાં પ્રચલિત એવા ગદ્ય સ્વરૂપો નીચે પ્રમાણે છે :

૧. કહેવતો ૨. ટૂચકા / ઓઠા ૩. લોકકથા ૪. લોકવાર્તા ૫. દંતકથા

ઉપરોકત લોકસાહિત્યમાં પ્રચલિત એવા ગદ્ય સાહિત્ય સ્વરૂપો વિશે વિગતે માહિતી મેળવીશું.

**(૧) કહેવતો** : કહેવતો તે લોકસાહિત્યનું પ્રખ્યાત ગદ્ય સ્વરૂપ છે તે લોકપરંપરામાંથી સીધું જ ઉતરી આવેલુ સાહિત્ય સ્વરૂપ છે. તેની રચના કોણે કરી ? ક્યાં ? કેવી રીતે કરી ? તે ચોક્કસ પણે કઈ કહી શકાય નહિ. પરંતુ એમ માની શકાય કે તે લોકોના કંઠ અને સ્મૃતિમાંથી પ્રગટ થયેલ છે. અને આજે પણ લોકોના કંઠ અને સ્મૃતિમાં જીવંત છે. જેનો ઉપયોગ ગ્રામ્ય સમાજના લોકો રોજ બરોજના વ્યવહારમાં કરતા જોવા મળે છે. કહેવતો તે મોટે ભાગે એક બે કે ચાર લીટીની હોય છે. તે માંથી ક્યારેક સારો એવો બોધ મળી રહે છે. તો કોઈને ઘણીવાર કટાક્ષમાં કંઈક કહેવું હોય તો પણ કહેવતનો આધાર લઇ તે સરળતાથી કહી શકાય છે. કહેવતો તે ગ્રામ્ય સમાજમાંથી ઉતરી આવેલી હોવાથી તે ગ્રામ્ય તળપદી બોલીમાં રચાયેલી હોય છે. પરંતુ તેમ છતા પણ જે તે વ્યક્તિ સરળતાથી સમજી શકે છે, એટલુજ નહિ એનો પ્રભાવ લોકજીવનમાં પણ ઘણો પડે છે. એટલે કે તે લોકજીવન સાથે પણ સંકળાયેલી છે. બીજું કે કહેવતો એ પરંપરાગત હોવાથી એક પેઢીથી બીજી પેઢીને તે લોક વારસારૂપે પ્રાપ્ત થાય છે. એથી તેનો પ્રચાર-પ્રસાર પણ ઘણો થયો છે.

**"ગાડું પર્જુને ઈંવ હુપડાનો હું પાર"**

**"ભેસ આગળ ભાગવત"**

**"ગદેડું કુટયુને ખી ઉડજો"**

આમ, કહેવતો તે લોકસાહિત્યનું મહત્વનું અવિભાજ્ય અંગ છે. અને અનેક લોકસંપાદકોએ પોતાની કલમે જીલીને તેને પુસ્તક રૂપે પ્રકાશિત પણ કરી છે.

**(૨) ટુચકા / ઓઠા** : ટુચકા ગદ્ય સ્વરૂપમાં સૌથી નાનું સ્વરૂપ છે. સૌરાષ્ટ્રમાં ટુચકાઓને ઓઠા તરીકે પણ ઓળખવામાં આવે છે. ટુચકા માટે કહેવું હોય તો એમ કહી શકાય કે 'ટૂંકા માં ટૂંકી વાર્તા તે લોકવાર્તા'. ટુચકા વર્ષોથી પ્રચલિત બનેલા છે. ગામમાં વસતા લોકો સવારથી માંડી સાંજ સુધી કામમાં વ્યસ્ત રહેતા હોવાથી કંટાળો કે અકળામણનો અનુભવ કરતા. તેથી આ કંટાળો કે અકળામણને દૂર કરવા માટે લોકો એકબીજા સાથે રમૂજભરી વાતો કરતા અને આનંદ મેળવતા.તેમની આ પરસ્પરની વાતોમાંથી જે હાસ્ય જન્મતું તેને ટુચકા તરીકે ઓળખાણ આપતા. ટુચકાઓનો મુખ્ય હેતુ મનોરંજન આપવાનો છે. ગામલોકો જ્યારે થાકનો અનુભવ કરતા ત્યારે નિરાંતની પળો આવા ટુચકા સાંભળીને કે કહીને આનંદ પ્રાપ્ત કરતા. ઘણીવાર તેમાંથી સારો એવો બોધ પણ મળી રહેતો તો વળી ટુચકા ગંભીર પરિસ્થિતિને દુર કરી વાતાવરણને આનંદમય-સ્ફૂર્તિમય,હળવું અને વિનોદાત્મક પણ બનાવી દેતા.

**(3) લોકકથા** : લોકસાહિત્યનું અતિ મહત્વનું ગદ્યસ્વરૂપ જો કોઈ હોય તો તે લોકકથા છે. લોકકથા એટલે લોકોએ માંડેલી કથા. એ વિશે હસુ યાજ્ઞિક નોંધે છે કે, ""લોકકથા તે પરાપૂર્વથી વહેતી આવે અને તેનું કથાનક કોઇ ચોક્કસ વ્યક્તિના વિચારો કે કલ્પનામાંથી ન જન્મ્યું હોય તેને લોકકથા કહે છે"."(૨૮)

લોકકથાને ઘડનાર, ચલાવનાર તે લોકજન છે. લોક-પરંપરા છે. ઇ.સ.૧૮૮૫ માં રુસ્તમ ખેરશેદ ઇરાનીએ ગુજરાતી ભાષામાં 'લોકકથા' શબ્દનો પ્રયોગ પ્રથમવાર પ્રયોજ્યો હતો. તે પછી ગુજરાતી લોકસાહિત્યમાં 'લોકકથા' શબ્દ જ પ્રચલિત બની ગયો. ત્યારબાદ ભરત દવે જેવા લોકસંપાદકે લોકકથા માટે વેદ કરતાંય પુરાણો એવો 'ગાથા' શબ્દ આપ્યો છે. પરંતુ ગુજરાતી સાહિત્યમાં હંમેશને માટે લોકકથા શબ્દ જ પ્રચલિત અને રૂઢ થઇ ગયો છે. લોકકથા તે ઘણી પ્રાચીન કળા છે. તેનો ઉદભવ આદિકાળથી થયો હશે એમ માની શકાય. લોકકથાનું કથાનક મોટાભાગે ગંભીર અને

કરુણ હોય છે. ભૂતકાળમાં થઇ ગયેલા શૂરવીર, પરોપકારી, સાહસિક, વીર, પ્રેમી અને સંત-સતીના જીવનમાંથી લોકકથાનું વસ્તુ લેવામાં આવે છે. આ ઉપરાંત તૂરી, મીર, લંઘા, ટાઢી, રાવલ, ચારણ અને બારોટ વગેરે કોમના લોકોને ઉદ્દેશીને પણ લોકકથા રચાયેલી જોવા મળે છે. દાયરાઓમાં અને રાજવીઓના દરબારમાં લોકકથા શોભાયમાન બની રહે છે. આ સિવાય પણ ગામમાં વડના ચોતરે કે ઢાળેલા ખાટલા .પર બેસીને કથક પોતાની આસપાસ બેઠેલા લોક સમૂહને કોઇ સાહસિક વીરની કે બહારવટિયાની માંડણી કરતો હોય છે અને વચ્ચે વચ્ચે કથકને પાનો ચડાવવા માટે એકાદ જણ હુંકાર ભરતો હોય છે. લોકકથામાં હુંકારનું ઘણું મહત્વ હોય છે. ગુજરાતી સાહિત્યમાં ઘણા લોક-સંપાદકોએ જે તે કથાનકને આધારિત સંખ્યાબંધ લોકકથાના પુસ્તકો આપ્યા છે જેની નોંધ તો લેવી જ રહી. લોકકથાને ત્રણ જુદા જુદા પ્રકારમાં વહેચવામાં આવે છે. પશ્ચિમી વિદ્વાન એન્ટી આર્ને લોકકથાને ત્રણ પ્રકારમાં વહેચે છે. તેનો કનુભાઈ જાનીના પુસ્તક 'લોકવાઙ્મય' માં ઉલ્લેખ થયો છે તે નીચે પ્રમાણે છે.

૧. MythMYTHMYT પુરાકલ્પન કથા, ૨. Legend દંતકથા, ઇતિહાસ્કથા, ૩. Folk tal ઘરગથ્થું લોકકહાણીઓ (૨૯)

- **લોકકથાના લક્ષણો** : લોકકથાના લક્ષણોને નીચે પ્રમાણે તારવી શકાય.

૧. લોકકથા મૌખિક પરંપરામાંથી ઉતરી આવેલી છે. લોકકથાની રચના કોણે કરી ? ક્યાં? કેવી રીતે કરી? તેની ચોક્કસ માહિતી કોઈ આપી શક્યું નથી. એટલે કે તેનો કર્તા હંમેશા અજ્ઞાત જ રહ્યો છે.

૨. લોકકથાને ઘડનાર, ચલાવનાર તે લોકજન છે એથી જ લોક જ તેનો કર્તા છે એમ માની શકાય.

૩. લોકકથા એ વ્યક્તિલક્ષી નહિ, એ લોકોનું સહિયારું સર્જન છે. એથી એનાં રચયિતાના વ્યક્તિત્વની છાપ બહાર આવી શકતી નથી.

૪. લોકકથાની ભાષા સીધી-સાદી અને સરળ હોવી જોઈએ, જેથી શ્રોતાગણ તેને સરળતાથી ગ્રહણ કરી શકે અને તેનું રસપાન કરી શકે.

**(૪) લોકવાર્તા** : લોકકથાની જેમ લોકવાર્તા પણ લોકસાહિત્યનું મહત્વનું ગદ્ય સાહિત્ય સ્વરૂપ છે. લોકવાર્તાને અંગ્રેજીમાં 'Folfolk taletale' કહેવામાં આવે છે. લોકવાર્તા વિશે સ્પષ્ટતા કરતા પ્રાંજલી પટેલ નોંધે છે કે, " "લોકોએ જોડી કાઢેલી કાલ્પનિક,

લોકોની ઐતિહાસિક હકીકત પર આધારિત, લોકોના વર્ણાત્મક વૃતાંત ધરાવતી કોઈ ઘટના કે પ્રસંગનું સળંગ અને રસમય વર્ણન તે લોકવાર્તા"." (૩૦) લોકવાર્તા તે ટુચકા કરતા લાંબી અને લોકકથા કરતા ટૂંકી હોય છે અને દસ-બાર મિનિટ કરતા વધુ ચાલે તેટલી ભાગ્યેજ જોવા મળે છે. લોકવાર્તા તે ગ્રામ્ય પરિવેશમાં અને ગામમાં વસતા દરેક વર્ણના પાત્રો લઈને નિરુપાય છે. તેમાં પશુ-પંખીઓ,ભૂત-પ્રેત,ડાકણનો પણ સમાવેશ થાય છે. એથી તેમાં પ્રકૃતિના વિવિધ તત્વોનું સુપેરે આલેખન થયેલું જોવા મળે છે. લોકવાર્તા તે સાદી-સીધી અને સરળ ભાષામાં રજુ થયલી હોય છે. અને તેમાં પ્રયોજાયેલા સંવાદો તે ગ્રામીણ લોકબોલીમાંથી લીધેલા હોય છે, અને તેથી જ તે મનોરંજનનું માધ્યમ પણ બની રહે છે. ઘણીવાર તેમાંથી પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપે બોધ અને શિખામણ પણ મળે છે. 'કથાત્સરિતસાઘર' અને 'હિતોપદેશ' ને જોતા તેનો અનુભવ થાય છે. લોકવાર્તા મૌખિક હોવાથી તે લોકોના કંઠથી વધુ સાંભળવા મળતી. ગામડાના લોકો અશિક્ષિત હોવાના કારણે મૌખિક અભિવ્યક્તિ દ્વારા વાર્તા રજૂ કરતા વાર્તા કહેનાર કથક એવી સરસ અને મધુર રીતે વાત રજૂ કરતો કે શ્રોતાજનો તેમાં ઓતપ્રોત થઇ જતા. આમ, લોકવાર્તા કંઠોપકંઠ ફરતી, તરતી પ્રચલિત બની ગઇ. હવે આધુનિક સમયમાં લિપિની યોગ્ય અને અદભૂત સગવડ પ્રાપ્ત થઇ છે જેનાથી માનવ લિખિત સામગ્રી દ્વારા, તેમાં પોતાની રીતે સુધારા-વધારા કરી, વિવિધ રસોનો ઉપયોગ કરી લોકવાર્તા પ્રેક્ષકગણ સમક્ષ પ્રગટ કરે છે. જેનાથી સર્વે લોકો તેનો આસ્વાદ માણી શકે. લોકવાર્તાનું કથાનક તે કોઈ ચોક્કસ કથાબિંબના આધારે રચાયેલું છે. લોકવાર્તાઓ વિવિધ પ્રકારની જોવા મળે છે, જેમ કે, ૧. પ્રેમકથા આધારિત, ૨. પરીકથા, ૩. પશુ-પક્ષીની કથા,૪. માનવકથા, ૫. વીરકથા, ૬. વીતક કથા

આમ, આ વિવિધ પ્રકારોમાં રચાયેલી લોકવાર્તાઓ તે લોકોને મનોરંજન પૂરું પાડે છે સાથે સાથે તેમાંથી સારો એવો નીતિબોધ પણ મળે છે. એ દ્રષ્ટીએ લોકવાર્તા એ મહત્વનું સાહિત્ય સ્વરૂપ છે.

**(૫) દંતકથા** : દંતકથા એટલે ઐતિહાસિક કથાનક આધારિત વાર્તા. તેને લોકવાર્તાનો પેટાપ્રકાર પણ ગણી શકાય. તેને પાત્રપ્રધાન વાર્તા પણ કહેવામાં આવે છે. દંતકથા એ મુખ્યત્વે કોઇ એક પાત્રની આસપાસ ગોળ ફરતે ફરે છે. તેમાંના પાત્રો ઉચ્ચ અને નિમ્ન બંને વર્ગના નિરૂપાયેલા જોવા મળે છે. દંતકથામાં સાહજિક રીતે પ્રેમકથા

સંકળાયેલી હોય છે. તેમાં નિરૂપાયેલા પાત્રોને ઘણી કસોટીમાંથી પસાર થવું પડે છે. 'કઇક મેળવવા માટે કઇક ખોવાનો ભાવ' તેમાં આલેખાયેલો છે. દંતકથાનું કથાનક એ ઇતિહાસમાં જેનું નામ અમર થઇ ગયું હોય એવા અને જેણે અપાર દુઃખ, સંકટોનો સામનો કરીને મંજીલને મેળવી હોય તેવા ભૂતકાળમાં થઇ ગયેલા એવા વીર નાયકોના જીવનમાંથી લેવામાં આવ્યું હોય છે. દા.ત. 'વીરવિક્રમ,' 'સદેવંત સવળિંગા,' 'ગોપીચંદ ભરથરી,' વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. દંતકથામાં આવતા પાત્રોને ઈશ્વર ગમેં તે રૂપમાં આવી તેમની સહાયતા કરે છે અને અંતે મુશ્કેલીઓ, દુઃખોનો સામનો કરતા કાર્ય સફળતામાં જીત હાસલ કરે છે. આમ, ઐતિહાસિક કથાનક આધારિત રચાયેલી દંતકથાઓ એ પ્રેક્ષક-ગણના રસનું આકર્ષણનું કેન્દ્ર બને છે અને વાર્તા જોતા કે વાંચતા હવે શું થશે ? એવા પ્રશ્નો મનમાં ઉદભવે છે.

## સંદર્ભસૂચિ


(૧) 'લોકવાડ્ઃમય', સં.કનુભાઈ જાની, પ્ર.નહેરુચેર, સૌરાષ્ટ્ર યુનિ.,રાજકોટ,પ્રથમ આવૃત્તિ:૧૯૯૨

(૨) 'લોકવાર્તા સ્વરૂપ-વિમર્શ',સં.પ્રાંજલી પટેલ, પ્ર.પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,પ્રથમ આવૃત્તિ:૨૦૦૯

(૩) 'લોકસાહિત્ય ધરતીનું ધાવણ', સં.ઝવેરચંદ મેઘાણી,પ્ર.મેઘાણી જન્મશતાબ્દિ પ્રકાશન,આવૃત્તિ:૨૦૦૯

(૪) 'લોકમહાકાવ્ય અને બીજા લેખો',સં.હસુ યાજ્ઞિક,પ્ર:ગુર્જર એજન્સી,રતનપોળ નાકા સામે,અમદાવાદ, પ્રથમ આવૃત્તિ:૨૦૦૮.

(૫) એજન

(૬) 'લોકવાડમય: સ્વરૂપ સંદર્ભ', સં. રાજેશ મકવાણા, પ્ર.પોતે,પ્રથમ આવૃત્તિ:૨૦૦૭

(૭) 'ગુજરાતનું લોકનાટય ભવાઈ',સં.રતિલાલ સા.નાયક,પ્ર.આદર્શ પ્રકાશન, સારસ્વત સદન, ગાંધી માર્ગ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ:૨૦૧૧.